# વાવોલમાં ૮૦ વર્ષ જુનુ ઘટાટોપ વૃક્ષ ધરાશયી : મહિલાનું મૃત્યુ

## દીકરાને સ્કૂલવાનમાં બેસાડીને પરત ઘરે જતી માતા મોતને ભેટી : એક બાળકી સહિત બે'નો ચમત્કારિક બચાવ : અચાનક તોતિંગ વૃક્ષ કડાકાભેર બટકાઈને પડતા અકસ્માત સર્જાયો : કીર્તિધામ સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે વહેલી સવારે બનેલી ઘટનાથી અરેરાટી

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામમાં આજે વહેલી સવારે અરેરાટીભરી ઘટના બની જવા પામી હતી. વાવોલની કિર્તીધામ સોસાયટીમાં રહેતી માતા પોતાના દીકરાને સ્કૂલ વાનમાં બેસાડીને પરત ઘર તરફ જઈ રહી હતી ત્યારે કીર્તીધામ સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વારે જ વર્ષોથી અડીખમ ઉભેલું ઘટાટોપ વૃક્ષ અચાનક કડાકાભેર ધરાશાયી થઈ ગયું હતું. આ વૃક્ષ નીચે દીકરાને સ્કૂલ વાનમાં બેસાડીને પરત જતી માતા ઊપરાંત અન્ય એક બાળકી સહિત તેની માતા મળીને ત્રણ વ્યકતિ દબાઈ ગયા હતા. સદભાગ્યે બાળકી અને તેની માતા ત્યાથી સમયસર ખસી જતા તેમનો ચમત્કારિક બચાવ થઇ ગયો હતો. તે બંને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. તો બીજી તરફ દીકરાને સ્કૂલ વાનમાં બેસાડીને પરત જતી માતા વૃક્ષ નીચે આખી દબાઈ જતા તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુ હતુ. ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિકોએ મળીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઘટનાથી વાવોલ ગામમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

ગાંધીનગર શહેરમાં પણ વર્ષો પૂર્વે જ માર્ગ પર એક વૃક્ષ ધરાશયી થતા બાઈક સવાર યુવાનનું મોત નીપજ્યું હતું. ચોમાસા દરમિયાન જોખમી વૃક્ષો જમીનદોસ્ત થતા આમ નાગરિકો ઉપર ખતરો મંડરાઈ છે. શહેરમાં પણ આ પ્રકારના જોખમી વૃક્ષો ત્વરિત દૂર કરવાની અનિવાર્યતા છે. શહેર નજીક સ્થિત વાવોલ ગામમાં વૃક્ષ ધરાશયીના લીધે એક મહિલાનો જીવ લેવાતા સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. વાવોલની કીર્તિધામ સોસાયટીમાં અંદાજે ૮૦ વર્ષ જૂનું ઘટાટોપ આંબલીનું વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતું. સોસાયટીના પ્રવેશ દ્વાર પર જ આ વૃક્ષ વર્ષોથી અડીખમ ઊભું હતું. કેટલીક ધાર્મિક લાગણીઓ અને લોકવાયકાઓ સાથે સંકળાયેલું આ વૃક્ષનુ નિકંદન કરવામાં આવતું ન હતું. આજે વહેલી સવારે કીર્તિધામ સોસાયટીના વાલીઓ પોતાના દીકરાઓને લઈને તૈયાર કરીને સ્કુલે મોકલવા માટે પ્રવેશદ્વાર પાસે સ્કુલ વાનની રાહ જોઈને ઉભેલા હતા. એક સ્કુલ વાન આવી અને મોટાભાગના બાળકોને લઈને ત્યાંથી નીકળી હતી. વાલીઓ પોતપોતાના ઘર તરફ પરત જઈ રહ્યા હતા ત્યારે જ અચાનક ઘટાટોપ આંબલીનું વૃક્ષ કડાકા સાથે ધરાશય થઈ ગયું હતું અને ચિચિયારીઓ પાડવા લાગી હતી. સોસાયટીના રહીશો આ ભયંકર અવાજો સાંભળીને બહાર દોડી આવી હતી અને જોયું તો ધરાશાયી થયેલા વૃક્ષ નીચે કેટલાક દટાયેલા દેખાયા હતા. તાબડતોબ રહીશોનું ટોળુ રેસ્ક્યુ માટે દોડી આવ્યું હતું અને તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી બોલાવી લેવાઈ હતી. સબ ફાયર ઓફિસર સૈયદભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. સ્થાનિકો અને ફાયરની ટીમ દ્વારા વૃક્ષ નીચે દટાયેલા એક બાળકી સહિત ત્રણને બચાવવા ભારે જહેમત ઊઠાવી હતી. જેમાં સમયસૂચકતા દાખવી ને વૃક્ષ ધરાશયી થયુ તે સમયે દોડીને બચવા પ્રયત્ન કરનાર એક દીકરી અને તેની માતા વૃક્ષ નીચે સામાન્ય ફસાઈ હતી. તે બંનેને સફળતાપૂર્વક સલામત રીતે રેસ્ક્યુ કરીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. સાડા ત્રણ વર્ષની દીકરી શ્રેયા ઓમ પ્રકાશ જયસ્વાલ અને તેની માતા ૨૭ વર્ષીય રૂબીબેન જયસ્વાલ બંને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તો બીજી તરફ કીર્તિ ધામ સોસાયટીમાં જ રહેતા મૂળ બિહારના ૪૦ વર્ષીય લીલાવતીબેન ઉમેશભાઈ ગુપ્તા ધરાશાયી થયેલા વૃક્ષના થડ નીચે દબાઈ ગયા હતા. કટર વડે વૃક્ષ કાપીને તેમને બહાર નીકાળવામાં આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. મળતી વિગત મુજબ લીલાવતીબેન ગુપ્તા તેમના દીકરાને પાંચ મિનિટ પહેલાં જ સ્કૂલમાં બેસાડીને પરત ઘરે જઈ રહ્યા હતા. તેમના પતિ ઉદ્યોગ ભવન માં આવેલી કેન્ટીનમાં નોકરી કરે છે. આ ઘટનાથી વાવોલ ગામમાં અરેરાટી સાથે શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ ઘટના અંગે સેકટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતક મહિલાનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી વધુ તપાસ શરૂ કરી છે.







### ...જોખમી વૃક્ષને દુર કરવા અગાઉ રજુઆત કરાઈ હતી પરંતુ

વાવોલમાં જોખમી આંબલીના વૃક્ષને લાંબા સમય અગાઉ ટ્રીમીંગ કરવામાં આવ્યુ હોવાનુ પણ સ્થાનિકો જણાંવી રહયા છે. પરંતુ આ તોતિંગ વૃક્ષ આમછતા જોખમી હાલતમાં હોવાથી આ મામલે કર્તિધામ સોસાયટીના જાગૃત નાગરિકો દ્વારા ગ્રામ પંચાયત તેમજ વનતંત્રને પણ આ મામલે જાણ કરવામાં આવી હતી. જેમાં મુખ્યમાર્ગ પર સોસાયટીના અંદરના ભાગે વૃક્ષોની ડાળીઓ નમી જવા ઉપરાંત સ્કુલ વર્ધીના વાહનો પણ પસાર થવાની સાથે બાળકો પણ આ ઠેકાણે રમતા હોય ત્યારે આ વૃક્ષની ડાળીઓ દુર કરવા માટે પણ સ્થાનિક અગ્રણી તખુજી બાલુજી ગોલે અગાઉ રજુઆત પણ કરી હતી.

### ...તો વધુ મોટી દુર્ઘટના સર્જાઈ હોત

વાવોલ કિર્તીધામ સોસાયટીમાં ગેટ પાસે તમામ બાળકોને લેવા મુકવા માટે સ્કુલ વાહનો આવન-જાવન કરતા હોય છે. જો કે સદ્નસીબે સવારના સમયે એક વાન સોસાયટીમાંથી વિદ્યાર્થીને લઈને નીકળી તેની ગણતરીની મિનીટમાં જ આ તોંતિગ વૃક્ષ પડ્યું હતું. જો કે થોડી મિનીટ પહેલા ધરાશાઈ થયું હોત તો વધુ મોટી દુર્ઘટના સર્જાઈ હોત. પરંતુ આ ઘટનામાં એક બહેનનું મૃત્યુ અને અન્ય નાની બાળકી અને મહિલાને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી છે.

### વાવોલમાં ફાયર ટીમ અને મનપાની પ્રશંસનીય કામગીરી

વાવોલ ગામમાં સમાવેશ કિર્તીધામ ફ્લેટના પ્રવેશદ્વાર પર વર્ષો જુનું આવેલું આંબલીનું વૃક્ષ આજે અચાનક સવારના સમયે ધરાશાયી થતા એક મહિલાનું મૃત્યું નિપજયું છે, તેમજ એક મહિલાને અને બાળકીને શરીરે વત્તાઓછા પ્રમાણમાં ઈજા પહોંચી હતી. જો કે વૃક્ષના તોંતિગ થડ નીચે દટાયેલી મહિલાને બચાવવા માટે તમામ નાગરીકો તેમજ ગ્રામજનો કામે લાગી ગયા હતા. પરંતુ તોંતિગ થડના નીચેથી મહિલાને કાઢી શક્યા ન હતા પરંતુ ફાયર ટીમ આવતા કટર વડે થડ કાપીને નીચે દટાયેલા મહિલાને બહાર નીકાળવામાં સફળતા મળી હતી. જો કે મહાકાય વૃક્ષ આગળ મહિલા જીંદગી હારી ગયા હતા. ત્યારે મહાનગર પાલિકાનું જેસીબી તુરંત આવી જતા વૃક્ષને તાકાતથી તોડીને દુર ખસેડીને માત્ર ગણતરીના કલાકમાં સોસાયટીનો આવન જાવન અને મેઈન રસ્તો કલીયર કરી આપ્યો હતો. સ્થાનિક નાગરીકોએ તંત્રની બંન્ને ટીમની પ્રસંશનીય કામગીરીને બિરદાવી હતી.





### સહાયની ખાતરી આપતા જિલ્લા પંચાયત પ્રમુખ

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે આજે વૃક્ષ પડવાની બનેલી ઘટનાને પગલે જિલ્લા પંચાયત પ્રમુખ કારોબારી સમિતિના ચેરમેન અને તમામ ટીમ ઘટના સ્થળની મુલાકાતે પહોંચી હતી. અસરગ્રસ્તોને મળીને આ ટીમે ગ્રામજનોને ખાતરી આપી હતી કે સરકાર તરફથી મળવાપાત્ર સહાય જરૂરી પુરાવા રજુ કરેથી આપવામાં આવશે. આ ટીમે ગાંધીનગર પરત આવી અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી શિક્ષણ વિભાગને પણ જરૂરી તપાસ માટેની સૂચનાઓ આપી હતી.

### વૃક્ષના અસ્તિત્વ માટે અંધશ્રધ્ધા જવાબદાર...!!

વાવોલની કીર્તીધામ સોસાયટીમાં આજે આંબલીનુ તોતિંગ ભયજનક વૃક્ષ આખરે ધરાશાયી થતા એક મહીલાનો ભોગ લેવાયો છે. જયારે અન્ય એક બાળકીને ઈજા થવા પામી છે. ત્યારે આ જોખમી વૃક્ષ અંગે અનેક તર્ક વિતર્કો સામે આવી રહયા છે. કેટલાક જાગૃત સ્થાનિકો દ્વારા આ વૃક્ષ દુર કરવા માટે પણ રજુઆત કરવામાં આવી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે અમુક કિસ્સામાં સ્થાનિક કક્ષાએ આ વૃક્ષ સાથે ધાર્મિક માન્યતાઓ જોડાયેલી હોવાના લીધે દુર ન કરાયુ હોવાનો પણ ગણગણાટ પ્રવર્તયો છે. આ વૃક્ષમાં કોઈ અનદેખી શકિતનો વાસ હોય તેવી અંધશ્રધ્ધા પણ આ તોતિંગ વૃક્ષના અસ્તિત્વ માટે જવાબદાર હોવા સહીતના તર્ક વિતર્કો સ્થાનિકોમાં ચર્ચા સ્થાને રહયા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... હું તો રાજ્ય કક્ષાનો નાનો પ્રધાન છું એટલે તમારા દેશ માટે નાની બકરી જ ભેટ કરી શકું છું...

## જિલ્લાના ૧૫ ગ્રામસેવકો ગીર સોમનાથ જવા રવાના થયા

ગાંધીનગર, તા. ૨૫

ગીર-સોમનાથ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ ભારે નુકશાનની તારાજીના સર્વે માટે આજે જિલ્લાના ૧૫ ગ્રામસેવકોની ટીમ રવાના થઈ છે. તાજેતરમાં ગીર-સોમનાથ જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિથી જમીનોના ધોવાણ સહિત કૃષિને થયેલ નુકશાનના સર્વે માટે ગાંધીનગર જિલ્લાના ૧૫ ગ્રામસેવકોને આજે રવાના કરાયા છે. આ ગ્રામસેવકોને સાંજે જિલ્લામાંથી જરૂરી હુકમો કરી ગીર-સોમનાથ ડીડીઓને હવાલે મુકવામાં આવ્યા છે.

આ ગ્રામસેવકો કાલે સવારે ગીર-સોમનાથ જિલ્લા પંચાયત ખાતે હાજર-રિપોર્ટ આપી સર્વેની કામગીરી ફાળવેલ ગામોમાં શરૂ કરશે. આ કામગીરી પૂર્ણ થયેથી આ ટીમ પરત આવશે. ગત સપ્તાહે જ સરકારે રાજ્યભરમાંથી ૧૦૫ ગ્રામ સેવકોને આ સર્વે માટે મોકલવાનો નિર્ણય કર્યો હતો. જેમાં જિલ્લાના ૧૫ ગ્રામસેવકોનો સમાવેશ થતો હતો.

## ગેમી સંસ્થા માટે નવું ગેસ્ટહાઉસ અને કોન્ફરન્સ રૂમ બાંધવામાં આવશે

ગેમી સંસ્થાના રીનોવેશનને અનુલક્ષી ફેઝ વનનું કામ પૂર્ણ થઈ ગયું છે જ્યારે આગામી દિવસોમાં ફેઝ-૨ની કામગીરી શરૂ કરવામાં આવશે જેમાં ગેમી સંસ્થાના કર્મચારીઓ માટે ગેસ્ટ હાઉસ ઉપરાંત કોન્ફરન્સ રૂમ અને ડાઈનિંગ હોલ પણ બનાવવામાં આવશે ટેન્ડર પ્રક્રિયાના અંતે ટૂંકમાં કામગીરી શરૂ કરી દેવાશે.

પાણીના નમૂના તેમજ ગુણવત્તાની ચકાસણી માટે કાર્યરત ગેમી સંસ્થા મહત્વની જવાબદારી સંભાળે છે ગેમી સંસ્થાના બિલ્ડીંગ રીનોવેશન માટે માર્ગ મકાન વિભાગ દ્વારા અગાઉ ફેઝ વનનું કામ શરૂ કરાયું હતું જ્યારે આ પૈકી મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. જોકે હજુ ફર્નિચરનું કામ બાકી છે વન પર્યાવરણ વિભાગ હસ્તકની આ સંસ્થામાં અધ્યતન લેબોરેટરી તેમજ આનુષંગિક સુવિધાઓ ઉભી કરવા માટે રૂપિયા પાંચ કરોડનો ખર્ચ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ફેઝ વનની કામગીરી પૂર્ણ થયા બાદ હવે ફર્નિચરનું કામ પણ શરૂ કરી દેવાશે જ્યારે ગેમી સંસ્થાના ફેઝ ટુ ની કાર્ય યોજના અન્વયે પણ મુખ્ય ત્રણ કામો હાથ ધરાશે. જે અન્વયે ગેમી સંસ્થાના કાર્યક્રમો માટે પણ હોલ બનાવવામાં આવશે. આ ઉપરાંત સંસ્થાના કર્મચારીઓને રહેણાંક માટે ગેસ્ટ હાઉસ પણ બનાવવામાં આવશે.

## સે. ૧ના તળાવ અને સરિતા ઉદ્યાનની દુકાનો સ્થાનિક અસરગ્રસ્તોને ફાળવો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મનપા દ્વારા સે.૧ના તળાવ અને સરિતા ઉદ્યાન નજીક બનાવેલ દુકાનોની ફાળવણીમાં અસરગ્રસ્ત ગામના યુવાનોને તક આપવી જોઈએ તેવી માંગ કોંગી કાઉન્સીલર હસમુખ મકવાણાએ કરી છે.

મ્યુનિ. કમિશ્નરને પાઠવેલા પત્રમાં આ માટે ટેન્ડરીંગ કરવાના નિર્ણયનો વિરોધ કરી મકવાણાએ સ્થાનિક ખેડૂતોને તેનો લાભ આપવાની માંગ કરી અને કલેકટર કચેરી દ્વારા કરાયેલ સર્વેને આધાર બનાવી ફાળવણી કરવા માંગ કરી છે.

## ગુજરાત રોહિત સમાજ સંગઠનના હોદેદારોએ મુખ્યમંત્રીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ડે. મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ, સામાજીક અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમારની રૂબરૂ મુલાકાત ગુજરાત રોહિત સમાજ સંગઠનના હોદેદારો તેમજ ચિત્રોડીપુરાના ગ્રામજનોએ કરી હતી. આ પ્રસંગે ચિત્રોડીપુરા હિજરતી વસાહતના પ્રશ્નો અને ચમારના પ્રશ્નો અંગે રજુઆત કરી હતી. ત્યારે રોહિત સમાજના પ્રશ્નોનો નિયમ મુજબ ઉકેલ આવી જશે તેવી હૈયાધારણા આપવામાં આવી હતી. આ મુલાકાતમાં એન.એલ.પરમાર, છગનભાઈ પરમાર, સવજીભાઈ, અમૃતભાઈ, મણીલાલ બેન્કર કિરણભાઈ સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

## સિવિલમાં ટુ-ડી ઈકો માટે દર્દીઓને ધરમધક્કા : મશીન બંધના ડોક્ટરનો જવાબ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટુ-ડી ઈકો માટે દર્દીઓ છેલ્લા બે અઠવાડીયાથી પરત જાય છે. આઈસીયુમાં દર્દીઓનો દર બુધવારે અને શુક્રવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન ટુ-ડી ઈકો કરવામાં આવે છે. ત્યારે અમદાવાદથી નિયમિત ન આવતા ડોક્ટર મશીન બંધ હોવાનો રાગ આલાપી ગણતરીની મિનીટોમાં સિવિલ ગાંધીનગરથી છુમંતર થઈ જાય છે. ત્યારે ગ્રામિણ વિસ્તારના દર્દીઓ ત્રણ થી ચાર વાર ટુ-ડી ઈકો માટે આવીને પરત જતા દર્દીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે ગુલ્લીબાજ ડોક્ટર સામે યોગ્ય કાર્યવાહી થાય તેવું દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

ગરીબોની સરકાર ગરીબો માટે વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ લાવી છે. ગાંધીનગરથી માંડીને છેવાડાના માનવીને આરોગ્યલક્ષી વિવિધ સુવિધા સભર સેવા મળે તે માટે વિભાગના અધિકારીઓ તનતોડ મહેનત કરી રહ્યા છે. સરકારની વિવિધ આરોગ્યની યોજનાનો દર્દીઓ લાભ મેળવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે.ત્યારે હાર્ટના દર્દીઓ માટે ઈસીજી કરવામાં આવે છે. ત્યારબાદ ડોક્ટર્સને વધુ ખામી જણાય તો ટુ-ડી ઈકો કરવાનું કહેવામાં આવે છે.જયારે સિવિલ બહાર ટુ-ડી ઈકો દર્દીઓને પોસાય તેમ નથી. ત્યારે સિવિલમાં દર બુધવારે અને ગુરુવારે આઈસીયુ વિભાગમાં ટુ-ડી ઈકો થાય છે. તેના માટે સ્પેશીયલ અમદાવાદથી ડોક્ટર્સ આવે છે. પરંતુ ૩ થી ૫ ના ઈકોના સમયમાં ટોકન લઈને દર્દી બેસે છે. પરંતુ ડોક્ટર ૩ ના સ્થાને ૪ વાગે આવે છે અને ગણતરીની મિનીટોમાં મશીન બગડ્યું છે તેમ કહી રફુચક્કર થઈ જાય છે. મશીન ગણતરીની મિનીટમાં કાર્યરત થઈ જાય છે પરંતુ ત્યાં સુધીમાં તો ડોક્ટર સાહેબ અમદાવાદ પહોંચવા આવ્યા હોય છે તેવું દર્દીઓનું કહેવું છે. છેલ્લા બે અઠવાડીયાથી આ પરિસ્થિતિ દર્દીઓની છે. ઈકો ના થતા ગ્રામીણ વિસ્તારના દર્દીઓને ધક્કા પડતા હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે કેટલાક દર્દીઓએ ના છુટકે બહાર હજ્જારો રૂપીયા ખર્ચ કરીને ટુ-ડી ઈકો પડાવવાની ફરજ પડી છે. ત્યારે સિવિલમાં સવલત હોવા છતા ટુ-ડી ઈકો ના થતા દર્દીઓમાં ડોક્ટર્સ પ્રત્યે રોષ ભભુકી ઉઠ્યો છે.



## પશુપાલનની ૧૪ યોજનાઓ માટેના લાભાર્થીઓનો ડ્રો યોજાયો

### પંચાયતના સ્વભંડોળમાંથી ૧૦ યોજનાના ૧૫૮ લાભાર્થી અને રાજ્ય પુરસ્કૃત ૪ યોજનાના ૫૪૮ લાભાર્થી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં પશુપાલનની રાજ્ય પુરસ્કૃત યોજના અને પંચાયતના સ્વભંડોળની યોજનાઓ માટે આજે લાભાર્થીઓની પસંદગી માટે ડ્રો કરવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ તેમજ જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. પ્રજાપતિની ઉપસ્થિતિમાં ગ્રામ વિકાસ એજન્સીની કચેરીમાં ડ્રો કરાયો હતો.

જિલ્લા પંચાયતની સ્વભંડોળની ૧૦ જેટલી યોજના માટે ૧૫૮ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે રાજ્ય પુરસ્કૃત ૪ પશુપાલનની યોજનાઓ માટે ૫૯૮ લાભાર્થીની પસંદગી કોમ્પ્યુટર ડ્રો થી કરવામાં આવી હતી.

આજે આ ડ્રો ની કાર્યવાહી સંપન્ન થતાં આગામી બે દિવસમાં સહાય અંગેના વિગતવાર હૂકમો લાભાર્થીના નામના જારી કરી દેવામાં આવશે તેમ પશુપાલન વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

આ યોજનાઓ માટે કિસાન આઈ.પોર્ટલ પર અરજીઓ માંગવામાં આવી હતી અને તેનો સારો પ્રતિસાદ સાંપડ્યો છે. આ વિવિધ યોજનાઓથી જિલ્લામાં પશુપાલનની પ્રવૃત્તિને સારો વેગ મળશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## અસરગ્રસ્ત ગામોના ખેડૂત પરિવારોના લારી ગલ્લા ઉઠાવવામાં સહાનુભૂતિ દાખવવા માંગ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરની રચનાને કારણે અસરગ્રસ્ત બનેલ ગ્રામ્ય વિસ્તારના યુવાનો દ્વારા રોજી-રોટી માટે ઉભા કરાયેલા લારી-ગલ્લાને દબાણ સમજી ન હટાવવા તેમજ તેમના માટે વૈકલ્પિક રોજી માટેની વ્યવસ્થા કરવા કોંગ્રેસના કાઉન્સીલર હસમુખ મકવાણાએ માંગ કરી છે.

આજે જિલ્લા કલેકટરને લખેલા પત્રમાં આ યુવાનોની વેદનાને વાચા આપતાં મકવાણાએ જણાવ્યુ છે કે આ યુવાનોના પરિવારનું ગુજરાન આ લારી-ગલ્લાઓ પર ચાલે છે. પાટનગર માટે જમીન તેમના પરિવારે આપી છે ત્યારે તંત્રએ પણ સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી નીતિ-નિયમોમાં અપવાદ કરવા જોઈએ.

ગાંધીનગર શહેરમાં હાલમાં દબાણ હટાવ ઝુંબેશ ચાલી રહી છે, જેમાં ગરીબ વર્ગના વેપારીઓ નાનો વેપાર કરીને રોજનું બે ટંકનું ગુજરાન ચલાવતા વેપારીઓને દબાણના કારણે રોજીરોટી છીનવાઈ ગઈ છે, તેમજ ગાંધીનગરની ફરતે આવેલ ગામડાઓના ગરીબ વર્ગના લોકો પોતાનું ગુજરાન ચલાવવા નાના લારી-ગલ્લા કરતા હોય છે, પરંતુ તાજેતરની દબાણ હટાવ ઝુંબેશના કારણે તેઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવી શકતા નથી. ગાંધીનગરના નિર્માણ માટે મહામુલી જમીન સંપાદન કરનાર અસરગ્રસ્ત ખેડૂતોના છોકરાઓ પોતાનું ગુજરાન ચલાવવા ચલાવે છે, આ અંગે અમોએ આપને તા. ૬-૩-૨૦૧૩ના રોજ પત્ર દ્વારા રજૂઆત કરેલ હતી. સંદર્ભે અમોને આજદિન સુધી કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યો નથી. હાલમાં ચાલી રહેલ દબાણ ઝુંબેશ દ્વારા નાના વેપારીઓની રોજી છીનવાની કામગીરીનો હુ સખ્ત વિરોધ કરૂ છુ. આવા નાના લારી-ગલ્લાના વેપારીઓ રોજી કમાઈને પોતાનું ગુજરાન ચલાવતા હોય તેમના પર દબાણના નામે દમન ગુજારવાને બદલે આ બાબતની વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી દબાણ હટાવ કામગીરી બંધ કરશો.

**નામ બદલેલ છે**

મારૂ જુનુ નામ : શ્રીમાળી કલ્પનાબેન રતીલાલ હતું તે બદલીને નવુ નામ :પંડ્યા કલ્પનાબેન રતીલાલ રાખેલ છે.

સરનામું : ૬૧૭, પંડ્યા વાસ, લીંબ, અરવલ્લી, ગુજરાત ૩૮૩૩૨૫

**વાહન વેચાણ અંગેની જાહેર નોટીસ**

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ**

બ્લોક નં.૧૬, ભોંયતળીયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૪૮૮, હસ્તકના નીચે દર્શાવેલ વાહન જે તે હાલતમાં વેચવાનું છે.

| ક્રમ | વાહનનું નામ | વાહનનો રજી.નંબર | મોડલ | અપસેટ કિંમત | બાનાની રકમ | ભાવ આપવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શેવરોલેટ ટવેરા | GJ-18-AH 7790 | ૨૦૧૦ | ૧,૫૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૮/૮/૨૦૧૮ ૧૨ કલાક સુધી |

વેચાણ અંગેની બોલીઓ / શરતોની વધુ વિગતો નિગમની વેબસાઈટ www.sje.gujarat.gov.in/gtkvm ઉપર ઉપલબ્ધ છે.

માહિતી/૧૦૯૩/૧૮-૧૯ મેનેજીંગ ડીરેક્ટર